બિન અનામત શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઈસમોને નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને સ્વરોજગારલક્ષી તેમજ શૈક્ષણિક લોન આપવા માટે રૂ.૫૦૦.૦૦ કરોડની નવી બાબત. (વર્ષ ૨૦૨૬-૨૭)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ માંક: SJED/MIS/e-file/17/2024/2769/A-1
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૦૪/૨૦૨૬

**વંચાણે લીધાઃ**

(૧) આ વિભાગનો તા.૩૦-૦૯-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ

(૨) આ વિભાગનો તા. ૧૫-૦૮-૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઈબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ-૧

(૩)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૨-૧૨-૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DDCW/BNI/e-file/225/2025/0693/CHH-Branch-Board Corpora

**આમુખ:**

ગુજરાત રાજ્યમાં બિન અનામત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક તેમજ સર્વાંગી વિકાસ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં વંચાણે લીધેલા ક્રમાંક (૧) ઉપરના તા.૩૦-૦૯-૨૦૧૭નાં ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. નિગમના વિવિધ ઉદ્દેશોમાં બિન અનામત વર્ગો/જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે નિગમે યોજનાઓ બનાવી તેનો અમલ કરવાનો રહે છે. જે માટે આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૨) ઉપરના તા.૧૫-૦૮-૨૦૧૮ના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની ધિરાણ યોજનાઓ જેવી કે, વિદેશ અભ્યાસ લોન, શૈક્ષણિક અભ્યાસ લોન, સ્વ-રોજગારલક્ષી લોન યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) ઉપરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા બિન અનામત શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઈસમોને નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને સ્વરોજગારલક્ષી તેમજ શૈક્ષણિક લોન આપવા માટે રૂ.૫૦૦.૦૦ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે બિન અનામત શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઈસમોને નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને સ્વરોજગારલક્ષી તેમજ શૈક્ષણિક લોન આપવા માટે રૂ.૫૦૦.૦૦ કરોડની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧)નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી નિગમ દ્વારા ચલાવવામાં આવતા સંપૂર્ણ નાણાકીય વહિવટની વિગત લેજર દ્વારા નિભાવવામાં આવે તે સુનિશ્ચિત કરવાની રહેશે. આગામી વર્ષના અંદાજપત્રમાં સદરહુ બાબત માટે જોગવાઇ કરાવતા સમયે લેજર દ્વારા નિભાવવામાં આવેલ અધતન ડેટા રજૂ કરવાનો રહેશે.

(૨)આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે ખર્ચ વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩)આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ લોન ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.

(૪)સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫)આ યોજનાનો અમલ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ-નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(૬)સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (**No Objection Certificate**) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૭) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૮)ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૯)નાણાકિય સહાય માટે સમયાંતરે નિયત કરેલ **DBT** પધ્ધતિ /**DBT Portal** /**C.M Dash Board** અપનાવવાનું રહેશે.

(૧૦) આ યોજનાને **DBT Portal** ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૧૧) **C.M Dash Board** સાથે યોજના **Link** કરવાની રહેશે.

(૧૨) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩)યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૪)પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને લોનની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૫)**Social Audit** અને **Third party Verification** પણ સમયાંતરે કરાવી સરકારને રજુ કરવાનું રહેશે.

(૧૬)આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૭)આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮)આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૯)યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦)અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નીચે મુજબના બજેટ સદર હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

| વિગત | વર્ણન |
|---|---|
| માગણી નંબર | ૯૨ |
| મુખ્ય સદર | ૬૨૨૫-અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદિજાતિઓ અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે લોન |

| વિગત | વર્ણન |
|---|---|
| પેટા મુખ્ય સદર | ૮૦ – જનરલ |
| ગૌણ સદર | ૧૯૦ – જાહેરક્ષેત્ર હેઠળની લોન અને અન્ય |
| પેટા સદર | ૦૧ – ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને લોન |

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૮/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે. ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવ્યાની ઝાલા)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

• માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.

• માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.

• અગ્ર સચિવશ્રીના અંગત સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

• અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

. • સચિવશ્રી (ખર્ચ)ના અંગત સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

• સચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

• મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર

• એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

• પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

• તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર. • નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

• સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ

• સેક્શન અધિકારીશ્રી(બ–શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

• સિલેકટ ફાઇલ–૨૦૨૬